" એક પગલું પ્રગતિશીલ પેરન્ટીંગ તરફ…"

# પેરન્ટોલોજી

વર્ષ ૨ | સળંગ અંક ૧૫ | ઓક્ટોબર ૨૦૨૩

## સાચો અને સફળ સંબંધ

લગ્નનાં અગિયાર વર્ષ બાદ એક દંપતીને ત્યાં પુત્રનો જન્મ થયો. તેમનું જોડું ખૂબ સુંદર હતું અને તેવું જ સુંદર તેમનું આ બાળક હતું. જેને જોતાં જ રમાડવાનું મન થાય એવું એ બાળક ક્યારે બે વર્ષનું થઈ ગયું એનો દંપતીને ખ્યાલ જ ન આવ્યો.

એક દિવસ સવારે પતિએ જોયું, કે દવાની શીશીનું ઢાંકણું શીશી પર ન હતું. તેને કામે જવાનું મોડું થતું હતું તેથી તેણે બૂમ પાડીને પત્નીને કહ્યું, કે તે દવાની શીશીનું ઢાંકણ બંધ કરી તે શીશી કબાટમાં મૂકી દે. પત્ની રસોડામાં વ્યસ્ત હતી તેથી તે આ વાત ભૂલી જ ગઈ.  રમતાં રમતાં બાળક ઘૂંટણભેર દવાની શીશી સુધી પહોંચી ગયું. દવાનો આકર્ષક રંગ જોતાં જ તે આખી શીશી ગટગટાવી ગયું. દવા વયસ્કો માટેની, નાના નાના ભાગમાં લેવાની હતી. બાળક તો ત્યાં જ બેહોશ બની ઢળી પડ્યું.

થોડા સમય બાદ જ્યારે પત્ની રસોડામાંથી બહાર આવી ત્યારે પોતાના પુત્રને જમીન પર બેહોશ પડેલો જોઈ ખૂબ ગભરાઈ ગઈ અને તરત તેને હૉસ્પિટલ લઈ ગઈ. તે મોડી પડી હતી. બાળક મૃત્યુ પામ્યું હતું. પત્ની શોકથી સ્તબ્ધ થઈ ગઈ. તે ડરીને વિચારવા લાગી કે પતિનો સામનો કેવી રીતે કરી શકશે? જ્યારે પતિને આ વાતની ખબર પહોંચાડવામાં આવી તે બેબાકળો બની હૉસ્પિટલમાં દોડી આવ્યો. પોતાના મૃત પુત્રના શબ પાસે પહોંચ્યો. તેણે પત્ની સામે જોયું અને ફક્ત છ શબ્દો કહ્યા…

પ્રશ્નો : ૧. એ છ શબ્દો શા હતા? તમે કલ્પી શકો છો?
૨. આ વાર્તાનો સાર શો છે?

ઉત્તર: પતિએ કહેલા છ શબ્દો હતાઃ "હું તને ખૂબ ચાહું છું, પ્રિયા."

પતિનું આ પ્રમાણે કહેવું આપણે કોઈ ધારી શકીએ નહીં, ખરું ને ? પણ એ જ આ પરિસ્થિતિમાં ઉત્તમ પ્રતિક્રિયા હોઈ શકે. પુત્રનું મૃત્યુ થઈ ચૂક્યું છે. તે હવે ફરી પાછો ક્યારેય સજીવ બની શકે નહીં. પત્નીની ભૂલ કાઢીને તેના પર દોષારોપણ કરવાનો હવે કોઈ મતલબ ન હતો અને જો કદાચ તેણે પોતે એકાદ મિનિટનો સમય બગાડી, બોટલનું ઢાંકણ બંધ કરી તેને કબાટમાં મૂકી દીધી હોત તો આ દુર્ઘટના બની જ ન હોત.

કોઈનો વાંક કાઢી શકાય નહીં. તેણીએ પણ પોતાનું એકમાત્ર સંતાન ગુમાવ્યું હતું. એ આઘાતની ક્ષણે તેને જરૂર હતી પતિના આશ્વાસન અને પતિની સહાનુભૂતિની અને પતિએ પોતાના ઉપર પ્રમાણેના શબ્દો દ્વારા એ જ આપ્યાં પોતાની પત્નીને. જો આપણે બધા જીવનમાં આ પ્રકારનો દૃષ્ટિકોણ અને અભિગમ અપનાવીએ તો આ દુનિયામાં અડધોઅડધ સમસ્યાઓ ઉકેલાઈ જાય. તમારી બધી ઈર્ષ્યા, ગુસ્સા વગેરેની લાગણીઓ, ક્ષમા ન આપવાનો અભિગમ, સ્વાર્થીપણું અને ડરને ત્યાગી દો અને તમે અનુભવશો કે જીવન એટલું અઘરું પણ નથી, જેટલું તમે વિચારો છો.

"એક સફળ સંબંધ માટે જરૂર છે વારંવાર પ્રેમમાં પડવાની - એની એ જ વ્યક્તિ સાથે."



## પ્રાર્થના

વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી,
પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે.
દુઃખ અને સંતાપથી ચિત્ત વ્યથિત થઈ જાય ત્યારે
મને સાંત્વના ન આપો તો ભલે,
પણ દુઃખ પર હું વિજય મેળવી શકું એવું કરજો.
મને સહાય ન આવી મળે તો કાંઇ નહીં
પણ મારું બળ તૂટી ન પડે,
સંસારમાં મને નુકસાન થાય
કેવળ છેતરાવાનું જ મને મળે,
તો મારા અંતરમાં હું તેને મારી હાનિ ન માનું તેવું કરજો.
મને તમે ઉગારો – એવી મારી પ્રાર્થના નથી,
પણ હું તરી શકું એટલું બાહુબળ મને આપજો.
મારો બોજો હળવો કરી મને ભલે હૈયાધારણ ન આપો
પણ એને હું ઊંચકી જઈ શકું, એવું કરજો.
સુખના દિવસોમાં નમ્ર ભાવે તમારું મુખ હું ઓળખી શકું,
દુઃખની રાતે, સમગ્ર ધરા જ્યારે પગ તળેથી ખસી જાય
ત્યારે તમે તો છો જ એ વાતમાં કદી સંદેહ ન થાય, એવું કરજો.

- રવીન્દ્રનાથ ટાગોર

# કપ ન બનો, તળાવ બનો

"તમે મારા સુધી શા માટે આવ્યા છો?" એક વૃદ્ધ, સમજદાર મહિલાએ તેની સામે ઊભેલા એક જુવાનને પૂછ્યું.

"હું મારી આસપાસ આનંદ અને સુંદરતા જોઈ શકું છું પણ દૂરથી." જુવાને કહ્યું, "મારૂં પોતાનું જીવન તો પીડા સભર છે."

પેલી સમજદાર મહિલા ચૂપ રહી. તેણે ધીરેથી એક કપમાં પેલા જુવાન માટે પાણી રેડ્યું અને તેને આપ્યું. પછી તેણે મીઠાનો એક વાડકો તેની સામે ધર્યો.

"પાણીમાં થોડું મીઠું નાખો." તેણે પેલા જુવાનને કહ્યું. જુવાન થોડો અચકાયો, પણ તેણે ચપટી મીઠું લઈ પાણીમાં નાખ્યું.

"વધારે, મુઠ્ઠી ભરીને." વૃદ્ધ મહિલાએ કહ્યું.

જુવાને સંશયથી જોયું અને કપમાં મીઠાનો ગાંગડો નાખ્યો. મહિલાએ માથું હલાવી તે પાણી પી જવાનો ઇશારો કર્યો. જુવાને પાણીનો એક ઘૂંટડો ભર્યો, મોઢું બગાડ્યું અને જમીન ઉપર કોગળો કર્યો.

"કેવું લાગ્યું ?" પેલી મહિલાએ પૂછ્યું.

"આભાર, પણ આભારજનક ન હતું." જુવાને જરાક ઉશ્કેરાટથી કહ્યું.

મહિલા જાણકારની જેમ હસી. તેણે મીઠા ભરેલો વાડકો જુવાનના હાથમાં આપ્યો અને તેણે નજીક આવેલા તળાવ પાસે લઈ ગઈ. તળાવનું પાણી ઠંડું અને ચોખ્ખું હતું. " હવે મુઠ્ઠી ભરીને મીઠું આ તળાવના પાણીમાં નાખ."

જુવાને તે મુજબ કર્યું, મીઠું પાણીમાં ઓગળી ગયું. "હવે આ પાણી પી જો.'' મહિલાએ કહ્યું.

જુવાન તળાવના કિનારે વાંકો વળ્યો અને હાથથી પાણીનો ઘૂંટડો ભર્યો. તેણે ઊંચે જોયું ત્યારે મહિલાએ ફરી પૂછ્યું, "કેવું લાગ્યું ?'



"આનંદદાયક." જુવાને જવાબ આપ્યો.

"તને મીઠાનો સ્વાદ આવ્યો ?' સમજદાર મહિલાએ સવાલ કર્યો,

જુવાન મૂર્ખની જેમ હસ્યો, "ના, બિલકુલ નહીં."

વૃદ્ધ મહિલા તેની બાજુમાં ઝૂકી, પોતે પાણી પીધું અને કહ્યું, "આમાં જે મીઠું છે તે જીવનનાં દર્દ અને પીડા છે. તે સતત હોય જ છે, પણ તમે જો તેને નાના કપમાં મૂકશો તો ખારું લાગશે. જો તમે તેને તળાવમાં મૂકશો તો તમને તે ખબર પણ નહીં પડે. તમારી ઇન્દ્રિયોને વિકસાવો, તમારા વિશ્વને વિસ્તારો અને દર્દ ગાયબ થઈ જશે. કપ ન બનો, તળાવ બનો."

વિશાળ દૃષ્ટિ કેળવવાથી આપણે આપણી પીડાઓને ઘટાડી શકીએ છીએ અને આપણી પાસે જે છે તેની કદર કરતાં શીખીએ છીએ અને આપણે આ વિશાળ દૃષ્ટિ વિકસાવી શકીએ છીએ.

- સંન્યાસીની જેમ વિચારો (જય શેટ્ટી)

# કારકિર્દી : કોનો નિર્ણય, કોની પસંદગી

આજકાલ વિદ્યાર્થીઓમાં એક ફેશન ખૂબ ફૂલી ફાલી છે. મારો ભાઈબંધ આમ કરે છે એટલે મારે પણ કરવું. મારી ફ્રેન્ડ આ કોર્સ કરે છે તો મારે પણ કરવો. આવું ને આવું વાલીઓનું પણ છે. પાડોશીના દીકરાએ કમ્પ્યૂટર ડિઝાઇનિંગના કોર્સમાં એડમિશન લીધું તો પોતાના દીકરાને પણ એમાં ઘુસાડી દે છે. સંબંધીની દીકરીએ પાઇલટ બનવા માટેનો અભ્યાસ શરૂ કર્યો તો પોતાની દીકરીને પણ એમાં પ્રવેશ અપાવી દેવો.

દીકરીને પૂછવાનું પણ નહીં કે એને પાઇલટ બનવામાં રસ છે કે પછી ડાન્સર બનવામાં? દીકરાને પૂછવાનું પણ નહીં કે એ કમ્પ્યૂટર એન્જિનિયર બનવા માગે છે કે ગાયક? કે પછી કલાકાર?

આવી રીતે વિદ્યાર્થીઓ ખોટા અભ્યાસમાં પ્રવેશી જાય છે અને પછી હેરાન થાય છે. પ્રવેશ મેળવ્યો હોય તે વિદ્યાભ્યાસમાં તેઓને જરાય રસ નથી હોતો એટલે તેઓ હંમેશાં ચીડિયા રહે છે. ઓછા માર્ક્સ આવવાને કારણે લઘુતાગ્રંથિ અનુભવે છે અને આખરે નિષ્ફળ જાય છે.

આ તો થઈ મા-બાપની જબરદસ્તી કે આગ્રહની વાત. પણ ક્યારેક વિદ્યાર્થીઓ પોતે જ પોતાના પગ પર કુહાડી મારી દેતા હોય છે. પોતાનો ફ્રેન્ડ જેમાં એડમિશન લે એમાં મેળવી લેતા હોય છે. દાનત સારી જ હોય છે કે મિત્રની સાથે રહેવાય, એની સાથે ભણાય અને મજા કરાય. પણ એ નાનકડી મજા માટે જીવન સજારૂપ બની જતું હોય છે. વિદ્યાર્થીઓ રસ વગરના અભ્યાસમાં પ્રવેશ મેળવીને નર્કાગારમાં પ્રવેશી જતા હોય છે.

વાલીઓ અને વિદ્યાર્થીઓ બંનેએ હંમેશાં ધ્યાન રાખવું રહ્યું કે આવી રીતે કોઈ ખોટો રસ્તો ના પકડાઈ જાય. બાજુવાળો વિદ્યાર્થી અમેરિકા ગયો તો આપણે પણ જવું જરૂરી નથી. એ પાયલોટ બન્યો તો ભલે બન્યો આપણી ફાવટ જો અનાજ દળવાની જ હોય તો ઘંટી ખોલવી. એમાં જરૂર સફળ થવાશે. એમાંથી એક દિવસ આટામિલના માલિક બનાશે.

નકલ કરવી એ નરી અભણતા જ છે. નકલખોર ક્યારેય આગળ નથી આવતો. કારણ કે નકલમાં અકલ નથી હોતી. દરેક વિદ્યાર્થી પોતે નોખો અને અનોખો છે. એ કંઈક નવું કરવા માટે જ સર્જાયો છે. વિદ્યાર્થીએ પોતાનામાં કઈ ખાસિયત પડી છે એ જાતે જ શોધી કાઢવાની છે અને એના પર આગળ વધવાનું છે. તમે શું કરવા માંગો છો? તમારે શું બનવું છે? એ બાબત પર ધ્યાન આપો. તમે તમારી અંદરના વ્યક્તિત્વને ઓળખો. એને જે વિદ્યા જોઈએ છે એ આપો. કારણ કે આખરે તો વિદ્યા એ જ ચડશે જેનો નશો હોય. સો લેટ્સ ગો ! તમારા મનને પૂછી લો અને કારકિર્દીની ફ્લાઇટમાં બેસી જાઓ.

- રાજ ભાસ્કર

# વિદ્યાર્થીએ સરખામણી કરવી હોય તો પોતાની જાત સાથે જ કરે ....

વિદ્યાર્થીની દશા ઘણીવાર જોકર જેવી બની જતી હોય છે. મા-બાપ, સગાં-સંબંધી, શિક્ષકો વગેરે દ્વારા એની અન્ય લોકો સાથે સરખામણી કરવામાં આવે છે. એક વિદ્યાર્થી તરીકે એને એ જરાય પસંદ નથી. ઘણા બધા વિદ્યાર્થીઓ આ સરખામણીનો વિરોધ કરે છે ત્યારે એમને એમ સમજાવવામાં આવે છે કે, સરખામણી કરવાથી એમના કોમ્પિટન્ટ વધે છે અને એમને ભણવામાં મહેનત કરવાનો અને અવ્વલ આવવાનો જુસ્સો રહે છે.

આવા જવાબોને કારણે વિદ્યાર્થી દ્વિધામાં પડી જાય છે. એને સરખામણી ગમતી નથી પણ એ એનો વિરોધ પણ નથી કરી શકતો. એમના મનનો પ્રશ્ન પ્રશ્ન જ રહી જાય છે કે આવી સરખામણીઓ યોગ્ય છે કે નહીં?

એનો જવાબ છે. જરૂર છે. વિદ્યાર્થીઓની જો આવી સરખામણી થતી હોય તો એણે સ્પષ્ટ રીતે એનો વિરોધ કરવો જોઈએ. કારણ કે આવી સરખામણીથી મોટે ભાગે વિદ્યાર્થીઓમાં ડિપ્રેશન આવતું હોય છે.



હા, એક સરખામણી દરેક વિદ્યાર્થીએ જરૂરથી કરવી જોઈએ. અને એ છે પોતાની જાત સાથેની સરખામણી. પોતાની જાત સાથે એણે હંમેશાં કોમ્પિટિશન કરતા રહેવાનું છે.

દરેક વિદ્યાર્થીએ પોતાને જ પોતાના હરીફ બનાવી દેવાના. દરેકે વિચારવાનું કે આ વર્ષે પરીક્ષામાં હું જેટલા ટકા લાવ્યો એના કરતાં વધારે આવતી વખત લાવવા પડશે. જો હું એના કરતાં વધારે નહીં લાવું તો હું મારા દ્વારા જ હારી જઈશ.

આ વર્ષે હું જેટલું પણ કંઈ નવું શીખ્યો છું એના કરતાં વધારે સારૂં હવે નવા વર્ષે શીખીશ. મારા દ્વારા જાણ્યે અજાણ્યે જેટલી પણ ભૂલો થઈ છે એ આ વર્ષે ના થાય એનું હું ધ્યાન રાખીશ.

મારી ભાષાનું સ્તર ગયા વર્ષ કરતાં આ વર્ષે હું ઊંચું લાવીશ. વિષયોનું મારું જ્ઞાન પહેલાં કરતાં વધે એવા પ્રયત્નો કરીશ. મેં આ વર્ષે જે કંઈ પણ સિદ્ધિઓ મેળવી છે એ સિદ્ધિઓ પણ આ વર્ષે વધવી જોઈએ.

વિદ્યાર્થીએ આમ પોતાની જાત સાથે જ હરીફાઈ કરીને આગળ વધવાનું છે. જો તમારો કોઈ હરીફ નહીં હોય તો તમે પાછળ રહી જશો. અને પોતાની જાત જેવો હરીફ આ દુનિયામાં બીજો કોઈ નથી. વિદ્યાર્થીએ હંમેશા એની સરખામણી પોતાની જ સાથે કરતા રહેવું જોઈએ. એ સરખામણી એને આગળ વધવામાં ખૂબ જ મદદ કરશે. કોણ કેટલું પાછળ છે કે કોણ કેટલું આગળ છે એ ધ્યાન રાખવાની વિદ્યાર્થીએ જરાય જરૂર નથી. એણે તો માત્ર પોતે કેટલો આગળ છે અને પોતાનાથી કેવી રીતે આગળ વધવું એ જ જોવાનું છે.

- રાજ ભાસ્કર

## ખરેખર શું બનવું છે.

એક વિદ્યાર્થીએ શિક્ષકને પૂછ્યું કે, "મારે ડૉક્ટર બનવું છે. પણ મારે સંગીત પણ શીખવું છે અને બિઝનસમેન પણ બનવું છે. તો આ બધું હું કેવી રીતે કરું?"

શિક્ષકે જવાબ આપ્યો, "જો કોઈ સિંહ જંગલમાં પોતાનું પેટ ભરવા માટે એક સામટાં બે પ્રાણીઓની પાછળ દોડે તો શું થાય? બંને પ્રાણીઓ જુદી જુદી દિશામાં દોડશે, અને પછી સિંહને એમ થશે કે આની પાછળ પડું કે પેલાની પાછળ? અને આમ વિચારતો જ રહેશે અને તેમાં બંને પ્રાણીઓ દોડીને દૂર ભાગી જશે. તેના હાથમાં કશું નહીં આવે અને દોડાદોડ કરવામાં વાપરેલો બધો સમય અને શક્તિ વેડફાઈ જશે."

"કોઈ માણસ એ પોતાના ખેતરમાં દરરોજ સવારે જઈને અલગ અલગ જગ્યાએ કૂવો ખોદવાનું શરૂ કરશે તો તેનો કૂવો ક્યારેય નહીં બને. કારણ કે પચાસ અલગ અલગ જગ્યાએ પાંચ ફૂટ ખોદવાથી કૂવો નથી બનતો. કૂવો તો એક જ જગ્યાએ ઊંડું ખોદવાથી બને છે ને."

તેથી મનુષ્ય ખરેખર પારંગત થવું હોય અને સાચી સફળતાનો અનુભવ કરવો હોય તો તેણે કોઈ એક બાબત પર જીવન એકાગ્ર કરવું જોઈએ. તું પહેલાં શોધી કાઢ કે તારે ખરેખર શું બનવું છે અને પછી તેના પર જ બધા જ પ્રયત્નો કેન્દ્રિત કરીશ તો તારી હાલત પેલા સિંહ જેવી નહીં થાય."

- જીવનની ભેટ

# નોકરી માટે સાચી લાયકાત

અભ્યાસમાં અત્યંત તેજસ્વી તેવા એક યુવાને એક મોટી કંપનીમાં મૅનેજર તરીકેના પદ માટે અરજી કરી. તે તેના પહેલા ઇન્ટરવ્યૂ માંથી ઉત્તીર્ણ થયો અને હવે કંપનીના ડાયરેક્ટર તેનો છેલ્લો ઇન્ટરવ્યૂ લેવાના હતા.

ડાયરેક્ટરે યુવાનના બાયોડેટા પરથી જોયું કે યુવાનની શૈક્ષણિક સિદ્ધિઓ તો ખરેખર શ્રેષ્ઠતમ હતી. શાળાથી લઈને અનુસ્નાતક સ્તર સુધીમાં એક પણ વર્ષ એવું નહોતું કે જ્યારે તેણે ઊંચા ગ્રેડ મેળવ્યા ન હોય.

ડાયરેક્ટરે પૂછ્યું, "શું તેં શાળાજીવન દરમ્યાન ક્યારેય સ્કૉલરશિપ લીધી હતી?" યુવાને ઉત્તર આપ્યો, "ક્યારેય નહીં."

ડાયરેક્ટરે પૂછ્યું, "તો શું તારી શાળાની ફી તારા પિતાજી ભરતા હતા?" યુવાને કહ્યું,"ના, પિતાજી તો હું એક વર્ષનો હતો ત્યારે જ મૃત્યુ પામ્યા હતા. મારી શાળાની ફી હંમેશાં મારી મા ભરતી હતી."

ડાયરેક્ટરે આગળ પ્રશ્ન કર્યો, "તારી મા ક્યાં કામ કરતી હતી?" યુવાને કહ્યું,"મારી મા લોકોનાં કપડાં ધોવાનું કામ કરતી હતી." ડાયરેક્ટરે યુવાનને તેના હાથ બતાવવાનું કહ્યું. યુવાને હાથ બતાવ્યા- તેની હથેળીઓ એકદમ સુંવાળી અને સુંદર હતી.

ડાયરેક્ટરે ફરી પૂછ્યું, "તેં પહેલાં ક્યારેય તારી માને કપડાં ધોવામાં મદદ કરી છે ખરી?" યુવાને જવાબ આપ્યો, "ક્યારેય નહીં. મારી મા હંમેશાં મને વધુ ને વધુ અભ્યાસ કરવા કહેતી રહેતી. વળી મારા કરતાં તો મારી મા વધુ સારાં અને ઝડપી કપડાં ધોઈ શકે છે..."

હવે ડાયરેક્ટરે યુવાનને કહ્યું, "મારી એક વિનંતી છે. આજે તું ઘરે પાછો જા. તારી માતાના હાથ ધોઈને સ્વચ્છ કર અને કાલે સવારે મને પાછો મળવા આવ."

યુવાનને આ વિનંતી થોડી વિચિત્ર લાગી, પણ તેને લાગ્યું કે અહીં તેને જૉબ મળવાની ઘણી સંભાવના છે. તેથી તે ખુશ થઈ ઘરે ગયો અને તેની માતાને વિનંતી કરી કે તે તેના હાથ ધોવા દે. માતાને પણ આ સાંભળી અજબ મિશ્ર લાગણીઓ થઈ, પરંતુ છેવટે તેણે દીકરાને પોતાના હાથ આપ્યા.

યુવાને ધીમે ધીમે માતાના હાથ જેવા ધોવા શરૂ કર્યા કે તેની આંખમાંથી ડબ ડબ આંસુ પડવા લાગ્યાં. જીવનમાં પહેલીવાર તેણે જોયું કે તેની માતાના હાથ કરચલીવાળા અને ઉઝરડાનાં નિશાનોથી ભરપૂર છે. કેટલાક ઉઝરડા તો એવા તાજા હતા કે તે ત્યાં સાફ કરતો તો તેની માતાનો હાથ કંપી જતો.

તે દિવસે માતાના હાથ સાફ કર્યા પછી યુવાને તેની માતાને કપડાં ન ધોવા દીધાં – તેણે પોતે જ ધોયાં. તે રાત્રે મા-દીકરાએ લાંબા સમય પછી મોડી રાત સુધી વાત કરી

બીજે દિવસે યુવાન ડાયરેક્ટરને મળવા ગયો ત્યારે તેની આંખમાં આંસુઓ તગતગી રહ્યાં હતાં. ડાયરેક્ટરે આ જોઈ સ્મિતપૂર્વક પૂછ્યું, "તો ગઈકાલે તેં શું કર્યું અને તું શું શીખ્યો તે મને કહીશ?"

યુવાને કહ્યું, "તમે કહ્યું હતું તેમ મેં મારી માના હાથ ધોયા અને પછી બાકી રહેલાં બધાં કપડાં પણ ધોયાં."

ડાયરેક્ટરે કહ્યું, "સરસ, તો આ બાબતે તારી શું લાગણી છે તે મને જણાવ.. "

યુવાને કહ્યું, "એક તો હું કદર કરતાં શીખ્યો– જો મારી મા ન હોત તો હું આજે આટલો સફળ ન હોત બીજું હું એ શીખ્યો કે કશું પણ કામ સારી રીતે પરિપૂર્ણ કરવું કેટલું મુશ્કેલ છે. ત્રીજું હું એ શીખ્યો કે આપણા જીવનમાં કુટુંબ કેટલું મહત્વ સ્થાન ધરાવે છે– પૈસા જ કેવળ મહત્વની બાબત નથી."

ડાયરેક્ટરે કહ્યું, "અમારી મેનેજર માટેની જરૂરિયાતો આ છે- જે બીજાઓની મદદની કદર કરી શકે, જે કાર્યો પરિપૂર્ણ કરવા માટે બીજાઓને થતી તકલીફ સમજી શકે અને જે વ્યક્તિ માત્ર ધનને તેની જિંદગીના એકમાત્ર ધ્યેય તરીકે ન મૂકતી હોય. તું હવે આ લાયકાતો ધરાવે છે તેથી અમે તને નોકરી આપી રહ્યા છીએ."

આ યુવાને તેની જિંદગીમાં ખૂબ મહેનત કરી, તે તેના સહકાર્યકરોનો અઢળક આદર પણ પામ્યો. તેના સૌ સહકર્મચારીઓ એકજૂથ થઈ ટીમ તરીકે કાર્ય કરતા.

- જીવનની ભેટ


VASISHTHA GROUP OF SCHOOL

શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.
ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ
નર્સરી થી ધો. ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02621 255551/3 ✆ 91734 02809 / 91733 15555
VISIT US : vasishtha.net

વસિષ્ઠ જેનેસિસ સ્કૂલ, બાબેન.
ગુજરાતી માધ્યમ
ધો. ૧ થી ૧૨ સાયન્સ/કોમર્સ
☎ 02622 225542/43 ✆ 91576 44555
VISIT US : vasishthagenesisschool.net